# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી-પોરબંદર

જિલ્લા સેવા સદન-૧, પ્રથમ માળ, રૂમ નં.૧૧૨, એરપોર્ટ સામે, પોરબંદર.

ફોન નં.૦૨૮૬૨૨૨૦૮૦૦ ફેકસ નં.૨૨૨૦૮૦૧,

Email:-collectorpbradm1@gmail.com, Web Site:-https://collectorporbandar.gujarat.gov.in

## - પ્રેસનોટ:- (તા.૩૧/૦૭/૨૦૨૦) -

નોવેલ કોરોના વાઇરસ(covid-19) ના કારણે પોરબંદર જિલ્લામાં ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઇરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને નોવેલ કોરોના વાઇરસ (covid-19) ના ઝડપી સંક્રમણને અટકાવવા તકેદારીના ભાગરૂપે નીચે મુજબ કામગીરી કરવામાં આવે છે.

- તા. ૩૧/૦૭/૨૦૨૦ના **૧૬૭ સેમ્પલ આવેલ છે.** જે પૈકી **૧૧ સેમ્પલના** રિપોર્ટ પોઝીટીવ આવેલ છે
- જિલ્લામાં વી.આર. ગોઢાણીયા ગર્લ્સ હોસ્ટેલ, જિલા ખેડૂત તાલીમ ભવન(એ.ટી.એમ.એ.), મહાત્મા ગાંધી કુમાર છાત્રાલય અને વનાણા એ.એન.એમ. ટ્રેનિંગ સ્કૂલ ખાતે જિલ્લા કવોરેન્ટાઇન સેન્ટર તરીકે કાર્યરત છે. જેમાં **કુલ ૩૨૭** બેડ કેપેસિટી છે.
- અત્યાર સુધીમાં **જિલ્લા કવોરેન્ટાઇન સેન્ટર** ખાતે તથા **પ્રાઇવેટ હોટલોને** મળી કુલ-**૬૦૬૨ વ્યકિતઓને જિલ્લા કવોરેન્ટાઇન સેન્ટરમાં** રાખવામાં આવેલ જે પૈકી **૬૦૧૬ વ્યકિતઓને ડિસ્ચાર્જ** કરેલ છે અને હાલ **૪૬ વ્યકિતઓ નિરીક્ષણ હેઠળ** છે.
- જિલ્લામાં આદર્શ નિવાસી કન્યા છાત્રાલય અને કસ્તુરબા કન્યા છાત્રાલયને કોવીડ કેર સેન્ટર તરીકે જાહેર કરવામાં આવે છે. જેમાં **કુલ ૧૧૬** બેડ કેપેસિટી છે. **કોવીડ કેર સેન્ટર** ખાતે હાલમાં કોઇ **વ્યકિત નિરીક્ષણ/સારવાર** હેઠળ નથી.
- હાલમાં **પોઝિટીવ કેસના રહેણાંક નજીકના ૪૯૧ રહેણાંકના ૧૫૮૩ વ્યકિતઓ કન્ટેન્મેન્ટ ઝોનમાં ચકાસણી હેઠળ** છે.
- અત્યાર સુધીમાં હોમ કવોરન્ટાઇનમાં **કુલ-૧૬૫૮૩** વ્યકિતઓ ચકાસણી હેઠળ રાખવામાં આવેલ હતા જે પૈકી **૧૪૭૦૩** વ્યકિતઓનું હોમ કવોરન્ટાઇન પૂર્ણ થઇ ગયેલ છે.
- વ્યકિતઓની તબીબી ચકાસણી માટે ડોર ટૂ ડોર સર્વે કરવાનો બે રાઉન્ડ પુર્ણ થયેલ છે. જયારે **ત્રીજા રાઉન્ડમાં** તા.૦૮/૦૫/૨૦૨૦ થી આજ દિન સુધી ૧,૧૭,૬૦૪ વ્યકિતઓનો સર્વે કરવામાં આવેલ છે.
- અત્યાર સુધીમાં જિલ્લામાં આવેલ જુદા-જુદા એન્ટ્રી પોઈન્ટ ઉપરથી સહિત કુલ **૨,૮૦,૭૭૨** વ્યકિતઓની સ્ક્રીનીંગ ચકાસણી કરવામાં આવેલ છે.
- અત્યાર સુધીમાં **બોટ** કવોરન્ટાઇનમાં કુલ **૩૨૬ વ્યકિત** ચકાસણી હેઠળ રાખવામાં આવેલ જે તમામ **૩૨૬** વ્યકિતઓનું **બોટ** કવોરન્ટાઈન પૂર્ણ થઈ ગયેલ છે.
- અત્યાર સુધીમાં **સેલ્ફ** કવોરન્ટાઇનમાં કુલ **૩૫૫ વ્યકિત** ચકાસણી હેઠળ રાખવામાં આવેલ જે તમામ **૩૫૫** વ્યકિતઓનું **સેલ્ફ** કવોરન્ટાઈન પૂર્ણ થઈ ગયેલ છે.
- પોરબંદર જિલ્લાના જે વિસ્તારમાં કોરાના વાયરસ પોઝીટીવ આવેલ છે, તેવા કુલ વિસ્તાર (૧) પોરબંદર-૬૦ (૨) કુતિયાણા-૨ માં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદરના જાહેરનામાથી **કન્ટેન્મેન્ટ ઝોન વિસ્તાર** જાહેર કરવામાં આવેલ છે.
- જાહેર જગ્યાએ માસ્ક ન પહેરવા બદલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદરના હુકમનો ભંગ કરવા સબબ Indian Penal Codeની કલમ ૧૮૮ તળે તથા Epidemic Diseases Act, 1897ને આધિન **અત્યાર** સુધીમાં કુલ- ૨૪,૧૨,૪૦૦ /-રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવેલ છે.

E:\Corona-19\Press Note\Note\31-07-2020.docx

➢ તા.૩૧/૦૭/૨૦૨૦ના રોજ દિવસ દરમ્યાન પોલીસ વિભાગ દ્વારા જાહેરમાં માસ્ક ન પહેરવા અને જાહેરમાં થૂંકવા બદલ કુલ-૩૯૪વ્યક્તિઓ પાસેથી કુલ-૭૮,૮૦૦/- રૂપિયાનો અને નગરપાલિકા દ્વારા જાહેરમાં માસ્ક ન પહેરવા અને જાહેરમાં થૂંકવા બદલ કુલ-૫ વ્યક્તિઓ પાસેથી કુલ-૧૦૦૦/- રૂપિયાનો દંડ વસુલ કરવામાં આવેલ છે.

**નિવાસી અધિક કલેક્ટર**
**જિલ્લો પોરબંદર**

**પ્રતિ,**
સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, જિલ્લા સેવા સદન-૨, પોરબંદર.

E:\Corona 19\Press Note\Note\31.07.2020.docx